ગુજરાત રાયલ અસ્ટટ રગ્યુલટરા આથારાટા
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી

## ગાંધીનગર

ફરીયાદી:-૧. પંચાલ હસમુખભાઇ મનાભાઇ – અમદાવાદ
ફરિયાદ નંબર : CMP/Ahmedabad/180331/0037
Email : hjdevaliya@gmail.com

ફરીયાદી:-૨. પંચાલ સંદિપ ભગવાનદાસભાઇ – અમદાવાદ
ફરિયાદ નંબર : CMP/Ahmedabad/180331/0038
Email : cbsadhu@yahoo.in

ફરીયાદી:-૩. પંચાલ ધનજીભાઇ દાજુભાઇ – અમદાવાદ
ફરિયાદ નંબર : CMP/Ahmedabad/180331/0039
Email : cbsadhu@yahoo.in

ફરીયાદી:-૪. પંચાલ સુરેશભાઇ ભલાભાઇ – અમદાવાદ
ફરિયાદ નંબર : CMP/Ahmedabad/180331/0040
Email : cbsadhu@yahoo.in

ફરીયાદી:-૫. પંચાલ અશોકભાઇ કાન્તીભાઇ – અમદાવાદ
ફરિયાદ નંબર : CMP/Ahmedabad/180331/0041
Email : cbsadhu@yahoo.in

સામાવાળા :- ૧. આનંદ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રાઇવેટ લી. અને તેના ડાયરેકટરો
૨. યાસીન રફીક સિંધી – એ.આર.એમ. ઇન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર.

પ્રોજેક્ટ : પંચવટી રેસીડેન્સી, અમદાવાદ.

ફરીયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : ઉપર જણાવેલ તમામ ફરિયાદી.

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : જતિન એમ. પટેલ. ( આનંદ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રાઇવેટ લી. ના એડવોકેટ)

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧ અને ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)

તા.૨૨/૧૦/૨૦૧૮

## હુકમ

(૧) કુલ પાંચ ફરિયાદીઓ તરફથી પંચવટી પ્રોજેક્ટ અમદાવાદ માટે એક સરખી ફરિયાદો મળેલ છે. જેથી પાંચે ફરિયાદોને એકત્રીત કરવામાં આવેલ છે. ફરિયાદીની મુખ્ય ફરિયાદ નીચે મુજબ છે.

અ- ફ્લેટનો કબજો આપવા માટે તથા રજીસ્ટર્ડ સેલ ડીડ કરવા માટે .

બ- ફ્લેટનો કબજો મળવામાં મોડ઼ થવા અંગે વળતર તથા ભાડ઼ મળવા અંગે,

ક- જે તે સત્તા મંડળ બી.યુ. પરમિશન ન આપે તેવી કાર્યવાહી થવા અંગે

ડ- રેરા માં રજીસ્ટ્રેશન ન કરવા અંગે પગલાં લેવા અંગે.

(૨) ફરિયાદીની ફરીયાદ અન્વયે બંને પક્ષોને તા. ૦૪.૦૯.૨૦૧૮ તથા તા. ૧૭.૧૦.૨૦૧૮ ના રોજ સુનાવણી અર્થે બોલાવવામાં આવેલ.

(૩) સુનાવણી દરમ્યાન ફરિયાદીના વકીલને રૂબરૂમાં પુછવામાં આવતાં તેમણે જણાવેલ કે, તમામ ફરિયાદીને તેમના ફ્લેટનો કબજો મળી ગયેલ છે. અને રજીસ્ટર્ડ સેલ ડીડ થઇ ગયેલ છે.

## હુકમ :-

આમ, ફરિયાદીની ચાર ફરિયાદ પૈકીની ફરિયાદ બાબતે

(અ) નું નિરાકરણ થઇ ગયેલ છે.

(બ) ફલેટનો કબજો મળવામાં મોડ઼ થવા અંગે વળતર તથા ભાડું મળવા બાબત એડ્યુકેટીંગ ઓફીસર હસ્તકની હોઇ તે અંગેની અલગથી દાદ માંગવા ફરિયાદીને સમજણ આપવામાં આવેલ છે.

(ક) આ ફ્લેટ માટે બી.યુ.પરમિશન મળી ગયેલ છે.

(ડ) રેરા માં રજીસ્ટ્રેશન ન કરવાં અંગે અલગથી નિયમ મુજબની કાર્યવાહી રેરા ઓથોરેટી દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે.

ઉક્ત વિગતે ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

મેમ્બર-૧

મેમ્બર-૨
22/10/18